**પેટલાદ બીએડ.કોલેજમાં વુમન સેલ  અંતર્ગત વ્યાખ્યાનનું આયોજન**

પેટલાદ એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત શ્રીમતી એસ.આઈ.પટેલ ઈપ્કોવાલા કોલેજ ઓફ એજ્યુકેશનમાં તારીખ: 12/03/2022ને શનિવારના રોજ વુમન સેલ  અંતર્ગત  "સાહિત્યમાં નારી સંવેદના"વિષય પર તજજ્ઞશ્રીના વ્યાખ્યાનનું આયોજન  કરવામાં આવ્યું હતું  . આ વ્યાખ્યાનમાં મુખ્ય વક્તા તરીકે પ્રો.(ડૉ.) પિનાકિનીબેન પંડ્યા, **હેડ ઓફ ધ ગુજરાતી ડિપાર્ટમેન્ટ**, સરદાર પટેલ યુનિવર્સિટી,  વલ્લભ વિદ્યાનગરથી ઉપસ્થિત રહ્યા હતા  . કાર્યક્રમની શરૂઆત પ્રશિક્ષણાર્થીઓએ પ્રાર્થનાથી કરી હતી.મહેમાનશ્રીનું શાબ્દિક સ્વાગત સંસ્થાના કાર્યકારી આચાર્યશ્રી ડૉ.નયનાબેન શુક્લ દ્વારા કરવામાં આવ્યું . મહેમાનશ્રીનો પરિચય અધ્યાપિકા ડૉ.શ્વેતા ચૌહાણ દ્વારા આપવામાં આવ્યો હતો. મહેમાનશ્રીનું પુષ્પગુચ્છથી સ્વાગત કાર્યકારી આચાર્યશ્રી  ડૉ.નયનાબેન શુક્લ દ્વારા કરવામાં આવ્યું. આ કાર્યક્રમમાં પ્રશિક્ષણાર્થી બહેનો દ્વારા સ્ત્રી સશક્તિકરણ અંગે અભિનય ગીત રજૂ કરવામાં આવ્યું હતું . આ વ્યાખ્યાનમાં પ્રો  .(ડૉ.)  પિનાકિનીબેન પંડ્યા મેડમે પોતાની આગવી શૈલીમાં ખૂબ જ તલસ્પર્શી ઊંડાણપૂર્વક તજજ્ઞ વ્યાખ્યાન આપી સર્વેને લાભાન્વિત કર્યા . સ્મૃતિ ભેટ ગ્રંથપાલ શ્રી રાકેશભાઈ ભટ્ટ સાહેબ દ્વારા અર્પણ કરવામાં આવી  .કાર્યક્રમના અંતે આભાર દર્શન અધ્યાપક ડૉ. કામેન્દ્ર ઠાકર સાહેબ દ્વારા કરવામાં આવ્યું હતું.આ કાર્યક્રમમાં સંસ્થાના પૂર્વ આચાર્યશ્રી ડૉ .  અનિલભાઈ કાછિઆ ,  સંસ્થાના પૂર્વ અધ્યાપક શ્રી હસમુખભાઈ દવે   ,  ભગીની સંસ્થાના આચાર્યશ્રી ડૉ  .વિમલભાઈ જોશી ,  હસમુખભાઈ મિસ્ત્રી ,  નયનાબેન પટેલ ,  નરેન્દ્રભાઈ શ્રીમાળી,  કાર્યકારી આચાર્યશ્રી ડૉ .નયનાબેન શુક્લ,  અધ્યાપકશ્રીઓ તથા પ્રશિક્ષણાર્થી ભાઈઓ  - બહેનો ઉપસ્થિત રહ્યા હતા. આ સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન અધ્યાપિકા ડૉ.શ્વેતા ચૌહાણ  દ્વારા કરવામાં આવ્યું હતું.











---